# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૫૬ • તા. ૫ એપ્રિલ થી ૧૧ એપ્રિલ ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.





# શ્રી ભલારા દાદાની ૩૫મી સમૂહ પહેડી ભક્તિભાવપૂર્વક ભવ્યતાથી સંપન્ન થઈ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સ્ત્રી એટલે ઘરનો પાયો

કોઈ વિચારક એ ખરું કહ્યું છે કે પુરૂષ ચાર દિવાલો ઉપર છાપરું બાંધીને મકાન બનાવી શકે છે. પણ આ મકાનને ઘર સ્ત્રી બનાવે છે. ત્યાગ, સમર્પણ અને સુશ્રુષા ભાવથી એ આ કામ સુપેરે કરી શકે છે. વિધાતાના નવનિર્માણની કળાકૃતિનો પર્યાય એટલે સ્ત્રી. અસ્તિત્વની ઉજવણી કરી જાતે સંઘર્ષ પથ પર પ્રકાશ પુંજ પાથરનારી વ્યક્તિ એટલે સ્ત્રી. જિંદગીના રંગમંચ પર રિહર્સલ વગર પૂર્વ લેખિત સ્ક્રીપ્ટ વગર પોતાની ભૂમિકા સફળતાપૂર્વક નિભાવતું ઈશ્વરનું અદ્‌ભૂત સર્જન એટલે સ્ત્રી.

આર્થિક, માનસિક, શારીરિક એમ ત્રિવિધ કષ્ટ ઝેલીને પરિવાર માટે આધારસ્તંભ બનીને અડગ અને અડીખમ ઊભી છે. ન કોઈ સાપ્તાહિક છૂટી, ન કોઈ વેકેશન, ન કામ ફરજના કોઈ નિશ્ચિત કલાકો તે છતાં ૨૪×૭×૩૬૫ દિવસ અખંડ અને અવિરત રોબોટની જેમ યંત્રવત અને ઘરના દરેક નાના મોટા સભ્યોને સંતોષ તેમજ સમાધાનપૂર્વક સગવડો કરી આપે છે. જેમાં તેઓને ફરિયાદનો કોઈ મોકો પણ મળતો નથી. તેની સામે એને શું મળે છે? એનો કોઈ વિચાર કર્યો છે ખરો?

અત્યારની સ્ત્રી ભણી ગણી ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. પોતાના જ્ઞાન, શિક્ષણ અને યોગ્યતાના બળે પગભર પણ છે. અગાઉના સમયમાં ઘરની દીકરી ભણતરમાં હોંશિયાર હોવા છતાં તે વધુ આગળ કેળવણી મેળવે એ માટે માવતરો નાખુશ રહેતાં છોકરીને વધુ ભણીને શું કરવું છે. આખરે સાસરે જઈ ચૂલા ચોકા જ કરવા છે ને? રસોઈ અને ઘરકામમાં માહિર હોવું એ જાણે પ્રત્યે દીકરીની યોગ્યતા ગણાતી. દરેક પુત્રીને તું તો પારકી થાપણ કહેવાય. એવું કહીને એ આ ઘરમાં ટૂંક સમય માટે જ છે એવી વિચાર ભાવના જણાવાતી. સ્ત્રી શારીરિક રીતે કમજોર નથી હોતી કે નથી હોતી માનસિક રીતે. પણ પુરૂષ સમાજ તેને કમજોર ગણાવી તેની શક્તિને બહાર પ્રગટ કરવા નથી દેતો. એટલે જ્યારે તેને મોકો મળે ત્યારે પૂરે પૂરી રીતે પોતાની આંતરિક પ્રતિભા બહાર છલકાવી દે છે અને પોતે પુરૂષથી સહેજે ઉતરતી નથી એ સાબિત કરી દે છે.

મનુ સ્મૃતિમાં વેદકાળથી यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवता એમ કહેવાયું છે. એટલે જે પરિવારમાં સ્ત્રીની શક્તિની, તેની ભાવનાની કદર થાય છે, સન્માન થાય છે ત્યાં દેવો પણ નિવાસ કરે છે. તો આજના કવિ એવું લખ્યું છે કે अपमान मत करना, नारीयों का इनके बल पर जग चलता है, पुरुष जन्म लेकर तो इन्हीं की गोद में पलता है।

જે ઘર આંગણામાં બીજ બનીને રોપાઈ વીસ બાવીસ વર્ષ ઉછરી પરિપક્વ વૃક્ષ બનીને મહોરે ત્યાંથી ઉખડીને અન્ય આંગણામાં નવી જમીન, નવા માહોલમાં નવા ખાતર પાણીથી સેટ થાય છે. એમ નવો પરિવાર, નવા સંસ્કાર, નવા આચાર વિચારમાં ભળી જેમ સરિતા સાગર સમાઈ જાય છે એમ ભળી જાય છે. આ ત્યાગ, સમર્પણ કેવળ સ્ત્રી જ કરી શકે છે એટલે જ ઘરનો પાયો સ્ત્રી છે. જેની ઉપર ઘરનો ભાર, મદાર અને આધાર રહેલો છે.

–જય જ્ઞાતિમૈયા

# પરિવારની પ્રગતિ સાસુ વહુના સંબંધોમાં

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજે ગતાંકમાં અધૂરી રાખેલ વાત આગળ વધારીએ લગ્નજીવન એટલે પતિ પત્ની માટે અનેક રંગોથી ભરેલી સહયાત્રા છે. અજાણ્યાં, વાણી, વિચાર, સ્વભાવ અને પોતપોતાના ગમા અણગમામાં લિપ્ત યુવક યુવતી નવા જીવનનો શુભારંભ કરે છે ત્યારે તેઓ બંન્ને ઉપર આ જોડાણને સફળ બનાવવાનો માનસિક બોજો હોય છે. હૃદયમાં છૂપો ભય પણ હોય છે. ત્યારે બન્નેના પરિવારજનો એ નવદંપતિને હૂંફ, મોકળાશ અને ઘટતું માર્ગદર્શન આપવું જોઈએ. વાત વાતમાં ટકટક કે ટોકટોકથી સંબંધ સંવરતા નથી બગડે છે. ચૂપ મોઢે સહી લેવાતી આ પ્રકારની હરકત ભવિષ્યમાં ક્યારેક જવાળા મુખીની જેમ ફાટે છે ત્યારે બરબાદી સર્જે છે.

અનેક રંગે રંગાયેલી લગ્નની સહજીવન યાત્રા એના માપદંડ દરેક દંપતીએ નોખા પડે. ક્યારેક ખાટું, ક્યારેક મીઠું, ક્યારેક તીખું સ્વાદ માણતા માણતા તેનો અનુભવ અને આનંદ માણવો જોઈએ. સંસાર વ્યવહારમાં ખોવાઈ જતાં જવાબદારીનો ખરો ખ્યાલ આવે છે. જીવનની જરૂરિયાતો વ્યવહારની આંટીઘૂંટીઓ, વડીલો અને બાળકોના પ્રશ્નો, તેમની પ્રાથમિકતાઓને પણ પ્રાધાન્ય આપવું પડે છે.

નવોઢા જ્યારે પિયરે જાય ત્યારે સાસરિયાના અનુભવો વિષે માતાને વિગતવાર બધી વાતો કરે ત્યારે સાસરામાં આવું જ હોય, થોડું સહન કરી લેવાનું, થોડી ધીરજ રાખવાની એમ અગાઉ માતાઓ કહી પુત્રીને હૈયાધારણા આપતી હતી પણ હવેના માવતરોમાં આવી સમજણ, આવી સલાહ-ભલામણની આશા રાખી શકાતી નથી. આધુનિક યુવતી આર્થિક રીતે સ્વતંત્ર હોય છે. ઉચ્ચ શિક્ષિત અને પોતાના વિચાર મંતવ્યોથી નિર્ણય લેવા સક્ષમ હોય છે. એટલે લગ્ન બાદ તે જ્યારે પોતાના જીવન અંગેના નિર્ણયો લે ત્યારે તેને છૂટી જબાનની સ્વચ્છંદી કે અસંસ્કારી માની લેવું આવી ધારણાઓ રાખવી વ્યર્થ છે. સાસુને આશા હોય છે કે વહુ આવશે મને સમજશે મારી સેવા કરશે એ આશા અપેક્ષિત છે. પણ જ્યારે એ આશા ધૂંધળી થાય તો મારા દીકરાએ વહુને માથએ ચડાવી છે. એમ કહીને ગૃહ કંકાસ કરવો વ્યાજબી નથી. સમજણ દાખવી સમતા ભાવથી પરિવર્તનને સ્વીકારવું જોઈએ.

પચ્ચીસ ત્રીસ વર્ષથી પત્ની તરીકે માતા તરીકે ઢસરડો કરતી સાસુ ઘરના નાના મોટા નિર્ણયોમાં મુખ્ય ભૂમિકા ભજવી હોય છે ત્યારે નવા સંજોગોને લીધે પોતાની ધારણા બદલાઈ જતી લાગે, પોતે એકલી પડી ગઈ હોવાનું લાગે નવોઢાની રહેણીકરણી રીતભાત અને સાથો સાથ માનસિકતામાં પણ ફરક હોવાને કારણે વહુનો વ્યવહાર સાસુ પ્રત્યે અતડો હોય એ સમય સાસુજી માટે કપરો બની રહે છે. આ પ્રકારનું જડ વલણ કે વ્યવહાર સાસુનો હોય એ વહુ માટે પણ આકરો બની રહે છે. બંન્ને એ પોતપોતાના જડ વલણને, અક્કડ અને અહમને એકબાજુ મૂકીને એકમેકને દિલથી અપનાવાના છે. સાસુને મા તરીકે કે વહુને દીકરી તરીકે નહીં પણ વ્યક્તિ તરીકે સ્વીકારવી જરૂરી છે. દીકરાના લગ્ન પછીનો સમય સાસુ વહુ માટે સંક્રાંતિ કાળ છે. દરેક અપટેડ વર્ઝન વધુ પાવરફૂલ, વધુ આધુનિક અને વધુ જાણકારી ભર્યું હોય છે એ અર્થમાં વહુએ પણ જૂની વર્ઝનની સાસુને સંભાળપૂર્વક હેન્ડલ કરીને તેને નવા વિચારોમાં લાવવી જોઈએ. એજ પ્રમાણે સાસુએ વિતાવેલો સમયમાં પોતાને જે નથી મળ્યું એને સરભર કરવાનો પ્રયત્ન છોડી બદલાતા સમયમાં જે બદલાઈ ચૂક્યું છે. એને મોટા મને સ્વીકારીને જીવનની અમૂલ્ય ક્ષણો વેડફાય નહીં, પરિવાર વિખરાય નહીં એ માટે મોટું મન ધરાવવું જોઈએ.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

COMMERCIAL VEHICLE LOAN

SOLAR LOAN

***7.49%** (p.a.)

***8.49%** (p.a.)

GOLD LOAN

LOAN AGAINST PROPERTY

TRADE LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# શ્રી ભલારા દાદાની ૩૫મી સમૂહ પહેડી ભક્તિભાવપૂર્વક ભવ્યતાથી સંપન્ન થઈ





શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા શ્રી ભલારાદાદાની ૩૫મી સમૂહ પહેડી તા.૩૦ માર્ચ રવિવાર ગુડીપાડવાના સપરમા દિને ભવ્ય ઉત્સાહ ભાવ સાથે મેવાડ કેસરી ભવન, એલ.બી.એસ.રોડ ભાંડુપ વેસ્ટ સ્થળે યોજાઈ.

પ્રારંભે સાંય ૫ કલાકે કુંભ સ્થાપન કરાયું. ત્યારબાદ પહેડી પ્રસાદના મુખ્ય લાભાર્થી પરિવાર શ્રી ભલારા ભાવિક પુનમ મંડળના મુખ્ય દાતાશ્રીઓ ૧) માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢવાળી) ૨) માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા હસ્તે અ.સૌ. હસુમતીબેન હીરાલાલ ડાઘા (વરાડીયા-માટુંગા), ૩) કુ.ઈન્ડિયા, સિડની, બેલા મયૂર ધુલ્લા મોતા (ઓસ્ટ્રેલિયા) હસ્તે અ.સૌ.મીનાબેન ચીમનભાઈ મોતા (તન-મન ટૂર) ૪) માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા (બાંડીયા-ભાંડુપ) (૫ સ્ટાર કેટરીંગ) ૫) શ્રી ધનજીભાઈ લખમશી ધુલ્લા પરિવાર (કોઠારા-મુલુંડ ૬) અ.સૌ.ભારતીબેન ભદ્રીચંદ ભવાનજી દંડ (નલિયા-ડોંબિવલી) ૭) શ્રી જીતેન્દ્રભાઈ રતિલાલ નાગડા (બાયઠ-ઘાટકોપર) ૮) માતુશ્રી મણીબેન વાલજી ખોના (શાહ) પરિવાર (સાંઘવ-દાદર), ૯) માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ (સાંઘવ-મુલુંડ) ૧૦) અ.સૌ. દમયંતીબેન વિરચંદ લોડાયા (રાપર ગઢવારી-મુલુંડ) ૧૧) અ.સૌ. અનિતાબેન ભરતભાઈ લોડાયા (મોટી સિંધોડી-મુલુંડ) ૧૨) માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા (રાપર ગઢવારી-ભાંડુપ) ૧૩) અ.સૌ. જયાબેન ચીમનલાલ મોમાયા (વરાડીયા-ભાંડુપ) ૧૪) શ્રી વિશાલ સુરેશભાઈ મોમાયા (નલિયા-મુલુંડ) હસ્તે : D.B. Travels, Mulund ૧૫) માતુશ્રી વાસંતીબેન કુલીનકાંત મોમાયા (વરાડીયા) ૧૬) અ.સૌ. અનુપમાબેન વિરચંદ દંડ (કોઠારા-મુલુંડ) એ પહેડી જુહારી લાભ લીધો હતો.

પહેડી જુહારયા બાદ ટ્રસ્ટી જયંતભાઈ છેડાએ શ્રી ભલારાદાદા ટ્રસ્ટની ગયા વર્ષના અહેવાલની આછી રૂપરેખા આપી હતી. વર્તમાન ખર્ચને પહોંચી વળવા કાયમી રૂા.૧ લાખના કોર્પસ ફંડ જાહેર કરેલ. વાર્ષિક ખર્ચને પહોંચી વળવા રૂા.૧૧ હજારનો વાર્ષિક નિભાવ ફંડ જાહેર કરેલ. લાલપરમાં થતી ધાર્મિક ક્રિયાઓ માટે ૯ વિવિધ ચડાવાનો નકરો જાહેર કરેલ. આ સ્કીમોને શ્રાવકોએ હોંશે હોંશે વધાવેલ અને કાયમી કોપર્સ ફંડ માટે જોતજોતામાં ૧૮ નામો નોંધાય, વાર્ષિક નિભાવ ફંડમાં ૧૫ નામ આવેલ હતા. ૧ વર્ષ માટેના નકરાનો આદેશ ગયા વર્ષના લાભાર્થી માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા લીધેલ.

ત્યારબાદ પ્રથમ આરતી ૧૬ લાભાર્થી પરિવારોએ સમૂહ રીતે ઉતારી. કાર્યક્રમમાં ઉપસ્થિત લગભગ ત્રણ હજારથી વધુ ભાવિક ભક્તજનોએ દાદાના દર્શનનો લાભ લઈ પ્રસાદનો લાભ લઈ ધન્ય થયા હતા. ભક્તિ સંગીત ચેતના હરિયા અને પાર્ટી વતી કીર્તિ હરીયાએ જમાવટ કરી હતી. શ્રી ભલારાદાદા ટ્રસ્ટના સૌ ટ્રસ્ટીઓએ સૌ લાભાર્થી પરિવારોનું બહુમાન કર્યું હતું. છેલ્લે મંગળ આરતી કરાઈ હતી. ઉત્સાહિત સૌ ભાઈ બહેનોએ રાસ ગરબાની રમઝટ જમાવીને આનંદ માણ્યો હતો.

૩૫મી સમૂહ પહેડીમાં વિવિધ મહાજનના પ્રતિનિધિઓ હાજરી આપેલ હતી. તેમજ આ પહેડીમાં મુંબઈ મહાજનના લાગા પ્રથાને પ્રોત્સાહન આપવા મુંબઈ મહાજનને કાઉન્ટર ફાળવવામાં આવેલ. જેનો ઉત્તમ પ્રતિસાદ જ્ઞાતિજનોએ આપેલ.

આજની પહેડીની માટે શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ અને નારી શક્તિ ભાંડુપએ વ્યવસ્થા ઉત્તમ રીતે સંભાળેલ હતી. આવતા વર્ષની પહેડી તા.૧૯મી માર્ચ ૨૦૨૬ ગુરૂવારનો આદેશ શ્રી ભલારાદાદા પૂનમ મંડળને અપાયેલ.

અંતમાં ટ્રસ્ટી શ્રી જયંતભાઈએ તા.૧૦ એપ્રિલથી તા.૧૨ એપ્રિલ ચૈત્રી માસના તેરસ ચૌદસ પુનમના ઉત્સવ લાલપુરના કાર્યક્રમમાં સૌને પધારવા આમંત્રણ આપેલ.





# શ્રી ભલારા દાદાની ૩૫મી સમૂહ પહેડી ભક્તિભાવપૂર્વક ભવ્યતાથી સંપન્ન થઈ






























# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનાના ડાયમંડ પેટ્રનને આવકાર




સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના જે આકસ્મિક બીમારીમાં થનારા ખર્ચથી જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને આર્થિક આધાર આપે છે. જેનાથી ઉદાર દિલ દાતાઓના સહયોગથી અલગ અલગ કેસની જરૂરિયાત પુરી કરવા મેડિકલ સમિતિ સમર્થ બને છે. સંજીવની યોજનાના પેટ્રન માટે વિવિધ કેટેગરી છે. જેમાં પોતાનો ઈચ્છીત યોગદાન નોંધાવી સંજીવની પેટ્રન તરીકે જોડાઈ શકાય છે. રૂા.૧ લાખનું ઉદાર યોગદાન આપી જ્ઞાતિની જૂની અને જાણીતી સંસ્થા અને મજબૂત સંગઠન શ્રી કેડીઓ જૈન સર્વોદય મંડળ મુલુંડએ સંજીવની ડાયમંડ પેટ્રન તરીકે જોડાઈ છે.

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી. નાત જાત ધર્મ આપણા પરાયાના ભેદભાવ વિના કોઈની પીડા સમજવી તેની તકલીફની અનુભૂતિ કરવી એ ઉચ્ચ ધર્મ છે. સેવા કર્મ છે. એ ભાવ આત્મસાત આ સંસ્થાએ કર્યો છે. તેમના ઉદાર યોગદાનની કદર કરી ડાયમંડ પેટ્રન તરીકે આવકાર આપી અઢળક ઉમળકાથી અનુમોદના કરીએ છીએ.

जैन तीर्थो के भक्तिसभर यात्रा प्रवास क्षेत्र में गुंजता एक मात्र नाम

प्रविणभाई लोडाया संचालित

# सावला "N" लोडाया टुर

**शीखरजी महायात्रा**
रुजुवालिका, चंपापुरी (भागलपुर) लच्छवाड (क्षत्रियकुंड), काकंदी, राजगृही, पावापुरी, भद्दीलपुर, मीथीला, भेलपुर, भदैनी, सिंहपुरी, चंद्रपुरी, वाराणसी

**मध्यप्रदेश**
नागेश्वर-वही-कुकडेश्वर-ईन्दोर-उज्जैन-मक्षी-मांडवगढ-मोहनखेडा

**उत्तरप्रदेश की 66 कल्याणक भूमि यात्रा**
कौशांबी, प्रयागराज, रत्नपुरी, अयोध्या, श्रावस्ती, कंपीला, हस्तिनापुर, शौर्यपुरी

**119 कल्याणक भूमि यात्रा**
तारक तीर्थंकरो के कल्याणक से पावन बनी कल्याणक भूमिओ की स्पर्शना

**गौरवशाली गुजरात के जैन तीर्थ**
पालीताना पंचतीर्थी, गिरनार पंचतीर्थी, शंखेश्वर पंचतीर्थी, कच्छ-भद्रेश्वर पंचतीर्थी, उत्तर गुजरात के प्रभावशाली तीर्थ

**108 पार्श्वनाथ यात्रा**
भारत भर के प्रभावशाली 108 पार्श्वनाथ यात्रा

**आंध्रप्रदेश के तीर्थो की यात्रा**
कुलपाकजी, गुम्मिलेरु, पेदीमरम्, गुडीवाडा, विजयवाडा, हींकार, अमरावती, काकटुर, हैद्राबाद

संघ-महाजन-पारिवारीक-ग्रुप आपके बजेट, स्टेटस, समय के अनुसार भारतभर के जैन तीर्थो के यात्रा प्रवास के आयोजन

**पंजाब के तीर्थो की यात्रा**
अंबाला, चंदीगढ, सरहींद, समाना, भालेर कोटला, लुधियाना, नकोदर, कांगडा, अमृतसर, होशियारपुर

समस्त जैन समाज के एक मात्र टुर ओपरेटर 181 से अधिक शीखरजी की यात्रा करने वाले, 1300 से अधिक मुमुक्षुओ को 119 कल्याणक भूमिओ की यात्रा कराने वाले, समूह में विधि के साथ, तीर्थो का एतिहासिक महत्व समजाकर यात्रा कराने वाले एकमात्र

**रंगीला राजस्थान**
उदयपुर, जयपुर, जोधपुर, जेसलमेर, माउन्ट आबु, राणकपुर, ओशिया, जिरावल्ला, प्राचीन-अर्वाचीन तीर्थो के साथ दर्शनीय स्थल



Pravin Lodaya's
**SAVLA N LODAYA TOUR** 9820565261 | 7021438593

# સંજીવની કેસ નં. ૧૮૦ માટે ૨.૨૦ લાખ જમા કરવાનો ઝીલીએ પડકાર

Samast Mahajan, Sanjivani Initiative

KDO

## CASE No.: 180

## DONATION NEEDED!

### Mrs KALPANA VIPIN MOMAYA

**Age 60 yrs, Bhopal, Varadiya**

**She is diagnosed with Lumbar Canal Stenosis L4-L5 and needs a Surgical intervention-Lumbar Spine complex Decompression and Instrumentation.**



**DONATION REQUIRED**

**Rs 2.20 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda   **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW   **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

૬૦ વર્ષીય શ્રીમતી કલ્પના વિપિન મોમાયા વરાડિયા-ભોપાલ એલ-૩, એલ-૪ મણકાના સ્પોનિડલોલિસ્થેસીસ અને એલ-૪, એલ-૫ પ્રોલેપ્સડ ઈન્ટરવર્ટિબ્રલ ડિસ્ક જટિલ લમ્બર કેનાલ સ્ટેનોસિસ સાથે પીડિત છે. મલ્ટીલેવલ માઈક્રોસ્કોપિક ડિકમ્પ્રેશન અને ઈન્સ્ટ્રુમેન્ટેશન સર્જરી કરાવવાની જરૂરત છે.

કલ્પનાબેન ગૃહિણી છે અને ભોપાલમાં ખાનગી હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં કામ કરતા પતિ સાથે રહે છે. જેઓ લઘુતમ વેતન રળે છે. તેમને બે પરિણિત પુત્રીઓ છે. મોમાયા દંપતિની કોઈ બચત નથી કે નથી કોઈ વીમાનું સંરક્ષણ. ઓપરેશન અને સારવારના કુલ્લ ખર્ચમાં પરિવારજનો અને સંબંધીઓએ આંશિક યોગદાન આપી તેમને મદદ કરી છે બાકી જોઈતી રકમ રૂા.૨.૨૦ લાખ માટે મેડિકલ સમિતિ પાસે અરજી કરી છે. જે માટે ક્રાઉડ ફંડિંગ ખૂલ્લું મુકાયું છે.

શ્રીમતી કલ્પનાબેનની વિકટ પરિસ્થિતિ અને સંજોગોમાં તેમને ટેકો આપી સમસ્યાથી મુક્ત કરીએ એ સમયનો તકાજો છે. જે સમજી માનવતા ધર્મને દીપાવીએ એજ અરજ.

# સંજીવની કેસ નં.૧૮૧ માટે રૂા.૧.૯૧ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડીગ બંધ કરાયું

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 181

## DONATION CLOSED

**Mrs NIRMALABEN VIRCHAND MOTA**

**Age 77 yrs, Dombivali, Jasapur**

**She had a Fracture of Neck of Femur.( Hipbone) due to Fall and had to undergo Hemireplacement (Hemiarthroplasty) surgery.**



**DONATION CLOSED**

**Rs 1.93 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

કચ્છ જશાપર હાલે ડોંબિવલીના ૭૭ વર્ષીય શ્રીમતી નિર્મલાબેન વીરચંદ મોતા ઘરમાં પડી જતા જમણા ગળા તેમજ જાંઘના હાડકામાં ફ્રેકક્ચર થયું હતું. જેને કારણે હિલચાલ મર્યાદિત થતી હોવાથી હેમીરોલેસમેનન્ટ તરીકે ઓળખાતી સર્જરી કરાવવી પડી. બે પુત્રીઓની માતા, નિર્મલાબેન જેઓ વિધવા છે અને ઘણા વર્ષોથી તેમની પુત્રીના પરિવાર સાથે રહે છે. તેમની નથી કોઈ બચત કે નથી વીમાનો કોઈ આધાર. આવા સંજોગોમાં સારવાર ઈલાજનો ખર્ચ રૂા.૧.૯૩ લાખ જમા કરવાની ચિંતા છે જે માટે મેડિકલ સમિતિ સમક્ષ અરજી રજૂ કરી હતી. જેને કેસ નં. ૧૮૧ અંતર્ગત ક્રાઉડ ફંડિગ માટે મુકાઈ હતી. દર વખતની જેમ આ કેસ અરજીનો ઉદારજનોએ અનુકુળ પ્રતિસાદ આપી ટૂંક સમય ગાળામાં જ અરજી માટેની જરૂરી રકમ પૂરી કરી દીધી હતી. જેથી ક્રાઉડ ફંડિગ બંધ કરાયું.

આજ સુધીના દરેક કેસોનો પ્રતિસાદ ઉદાર દિલ દાતાઓએ મોકળે મને આપ્યો છે. જે માટે સૌ સહયોગી વ્યક્તિ દાતાઓ, મહાજન, એકમ મંડળ, ટ્રસ્ટ અને સંસ્થાની ભૂરી અનુમોદના અને માનવતા લક્ષી મીઠાશ આપનાર સૌનો આભાર વંદના.

# રોટરી ક્લબ ઓફ ચાલીસગામ અને શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર આયોજિત નિ:શુલ્ક પ્લાસ્ટિક સર્જરી કોસ્મેટિક સર્જરી કેમ્પ યોજાયો





શનિવારના તા.૨૯ અને ૩૦ માર્ચ રવિવારના બે દિવસ માટે પ્લાસ્ટિક સર્જરી કોસ્મેટિક સર્જરી અને હાથની સર્જરી માટેનો નિ:શુલ્ક કેમ્પ ડૉ. અમિત જૈનની મહાવીર હોસ્પિટલમાં દૂધ સાગર માર્ગ, હિરાપૂર રોડ, ચાલીસગામ સ્થાને રોટરી ક્લબ ઓફ ચાલીસગામ અને શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર મુંબઈ દ્વારા યોજાયો.

સવારે ૯ કલાકથી યોજાયેલ સર્જરી કેમ્પમાં મુંબઈ, પૂના, ગોવા, નાસિક, ઔરંગાબાદ અને ધૂળેના નિષ્ણાત ૧૦ જેટલા ડૉક્ટરોની ટીમ અને ૪૦થી વધુ નર્સિંગ અને ઓપરેટિંગ સ્ટાફએ સેવા આપી હતી.

આ પ્રોજેક્ટ સતત બીજા વર્ષે મુંબઈના શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારના ઉદાર દાન સહયોગથી શક્ય બન્યો હતો. બે દિવસમાં ૯૨ જેટલી નાની મોટી સર્જરીઓ સફળતાપૂર્વક કરાઈ હતી.

નામ નોંધણી માટે માત્ર રૂ.૫૦નો ચાર્જ કરાયો હતો. સર્જરી પૂર્વે તપાસણી માટે એક દિવસ અગાઉ શુક્રવાર તા.૨૮ માર્ચના બપોરે ૩ કલાકે મહાવીર હોસ્પિટલ સ્થળે દર્દીઓને તપાસણી માટે કન્સ્લટિંગ કરાયું હતું. નામ નોંધણી માટે ચાલીસગામના વિવિધ દસ સ્થળોએ તેની વ્યવસ્થા કરાઈ હતી.

રોટરી ક્લબના અધ્યક્ષ અનિલ માલપુરે, સચિવ નિલેશ શર્મા, પ્રકલ્પ પ્રમુખ બલદેવ પુનશી અને મેડિકલ ડાયરેક્ટર ડૉ. શ્રીમતી શુભાંગી પૂર્ણ પાત્રે એ જહેમત ઉઠાવી.

# વિશ્વ નવકાર મહામંત્ર દિવસે નવકાર મહામંત્રનો જાપ કરવા પધારવાનું હુબલીના જ્ઞાતિજનોને આમંત્રણ

તા.૯ એપ્રિલ બુધવાર સાંજે ૬ થી ૭ કલાક દરમ્યાન વિશ્વ નવકાર મહામંત્ર દિવસે ચૈત્ર સુદ ૧૩ શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકના પાવન અવસરે નવકાર મહામંત્રનો જાપ કરવા શાંતિલાલ રામજી લાલકાના નિવાસ સ્થાન ફ્લેટ નં. A/4 કેડીઓ રેસીડેન્સી, સંસ્કાર સ્કૂલ પાસે, મનોજ પેરેડાઇઝ લેઆઉટ, કુસુગલ રોડ, હુબલી-૫૮૦૦૨૩ પધારવા હુબલી ધારવાડ-ગદગના જ્ઞાતિજનોને આમંત્રણ છે. ૧૦૮ નવકાર મંત્રનો જાપ કરીશું.

આ અવસરે ૯ ભાઈ બહેનો દરેકે ૧૨ નવકાર પોતાને આવડતા રાગમાં ગાવાના રહેશે. લાભ લેવા ઈચ્છુક ભાઈ બહેનો, વડીલો એ પોતાના નામો શાંતિલાલભાઈ પાસે મો.નં.૯૨૪૨૨૨૦૮૦૩ ઉપર લખાવવા. સહુને આગ્રહભર્યું આમંત્રણ.

।। શ્રી ભલારાદાદાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - રવા

દ્વારા સંચાલિત

# શ્રી ભલારાદાદા દેવસ્થાનક - રવા



કચ્છ રવા ગામે, જ્યાં યુગોથી દાદાના બેસણા છે...

પરમ પૂજનીય, આરાધ્ય, શ્રદ્ધેય

## શ્રી ભલારાદાદા દેવસ્થાનક

## તૃતીય ધ્વજારોહણે

## સસ્નેહ આમંત્રણ

જય ભલારા ! દાદા ભલારા ! !

સહર્ષ જણાવવાનું કે, રવા ગામે શ્રી ભલારા દાદા દેવસ્થાનકે તૃતીય ધ્વજારોહણ પ્રસંગ વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ-૫, શુક્રવાર, તા. ૧૮.૦૪.૨૦૨૫ ના શુભ દિને નિર્ધારીત છે. ફરી એકવાર રવા દેવસ્થાનકે ઉપસ્થિત થઇ દાદાની ભક્તિનો અનેરો અવસર ફરી આવ્યો છે. ઉદારદિલ લાભાર્થી પરિવારોએ શ્રી ભલારાદાદાના તૃતીય ધ્વજારોહણ, સામૂહિક પહેડી-મહાપ્રસાદ, નવકારશી, શ્રી ભલારાદાદાનો સામૂહિક પાઠ (ગુરૂવાર, તા. ૧૭.૦૪.૨૦૨૫ ના સાંજે રહેશે). સર્વે ભાવિકોને રવા દેવસ્થાનકે પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**તૃતીય સામૂહિક પહેડીના લાભાર્થી પરિવાર**

**માતુશ્રી પ્રેમાબાઇ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર**

**તૃતીય ધ્વજારોહણના લાભાર્થી પરિવાર**

**માતુશ્રી રતનબેન મેઘજી ચત્રભુજ લોડાયા પરિવાર**

(શ્રી ભરતભાઇ, શ્રી બદ્રીકાંતભાઇ, સ્વ. શ્રી ગિરીશભાઇ, સ્વ. શ્રી યોગેશભાઇ)



જાહેરાત સૌજન્ય: માતુશ્રી રતનબેન મેઘજી ચત્રભુજ લોડાયા પરિવાર

# કેડીઓ ક્લાસિક સોસાયટીની ગાલા ઈવેન્ટ અને નવી મેનેજિંગ કમિટીની વરણી















તા.૨૯મી માર્ચ, ૨૦૨૫ ના રોજ Marine Plaza, Allamanda Terrace ખાતે યોજાયેલી ગાલા ઈવેન્ટ એક અવિસ્મરણીય અને ઉત્સાહસભર સંધ્યા બની! સુંદર સૂર્યાસ્ત, સભ્યોની ઉર્જા અને ખુશહાલીભર્યા વાતાવરણથી આ સંધ્યા એક પારિવારિક મેળાવડા જેવી લાગી. સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા, વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો અને મનોરંજન સાથે યાદગાર ક્ષણો માણી. સુવ્યવસ્થિત ફોટોશૂટ સેશન, સાંસ્કૃતિક કાર્યક્રમો, અને સ્વાદિષ્ટ ભોજન સાથે, આ સંધ્યા દરેક માટે આનંદદાયક અને યાદગાર બની. તમામ સભ્યોએ જે સ્નેહ, ઉત્સાહ અને એકતા દર્શાવી, તે ખરેખર પ્રશંસનીય છે!

**નવી મેનેજિંગ કમિટીની વરણી :** આ જ સુંદર અવસર પર ૨૦૨૫-૨૦૨૭ માટેની નવી મેનેજિંગ કમિટીની જાહેર કરવામાં આવી. સમસ્ત સભ્યોના વિશ્વાસ અને સહકાર માટે હૃદયપૂર્વક આભાર!

પ્રમુખઃ શ્રીમતી કુસુંબેન હરીશ ધરમશી, ઉપપ્રમુખઃ શ્રીમતી તેજલબેન રાજેશ શાહ, સચિવઃ શ્રી સંજય ચિમનલાલ નાગડા, સહ-સચિવઃ શ્રી કેતન કુલિનકાંત નાગડા, ખજાનચીઃ શ્રીમતી જયશ્રી નવિન જૈન, સહ-ખજાનચીઃ શ્રી નિલેશ સોમચંદ મોમાયા, સભ્યોઃ શ્રીમતી મૃદુલા હીરાચંદ દંડ, શ્રીમતી મીનાબેન મનીષ શાહ, શ્રીમતી પારુલ રાજેન્દ્ર શાહ, શ્રી ચેતન ગુલાબચંદ શાહ. નવી કમિટીને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ!

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા નિઃશુલ્ક સ્વાસ્થ્ય શિબિરનું આયોજન કરાયું













શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા રવિવાર તા.૩૦ માર્ચ સવારે ૧૧ વાગેથી શ્રી કુંથુનાથ જૈન શ્વેતામ્બર જિનાલય (અચલગચ્છ)ના વિવિધલક્ષી હૉલમાં નિઃશુલ્ક સ્વાસ્થ્ય શિબિરનું આયોજન કરવામાં આવેલ. આ શિબિરમાં ડૉ. જવાહર અગ્રવાલ (એમ.ડી.) મધુમેહ, ગુર્દા રોગ વિશેષજ્ઞ અને ડૉ. અરૂણકુમાર કેડિયા (એમ.ડી.) મધુમેહ અને હૃદયરોગ વિશેષજ્ઞ દ્વારા અનિયંત્રિત બ્લડ શુગર, બ્લડ પ્રેશર (હાઈ બી.પી.), શરીરમાં સૂજન, પેશાબમાં કમી/વારંવાર પેશાબ, સીનામાં દર્દ/ચક્કર, પગમાં જલન અને સુન્નપન, ટાઈપ-૧ મધુમેહ, પેટમાં દુખાવો/સૂજન/જલન સંબંધી રોગની તપાસ અને પરામર્શ દેવામાં આવેલ સાથે આ શિબિરમાં શુગર તપાસ, પગની નસોની તપાસ, બી.પી.તપાસ, HbA1C ની સેવા નિઃશુલ્ક પણે ઉપલબ્ધ રહેલ. શિબિરમાં લગભગ ૬૦ લોકોએ પંજીકરણ કરાવેલ. અંતમાં મહાજનના પ્રમુખ ચંદ્રેશ વીરચંદ શાહ દ્વારા ડૉ.જવાહર અગ્રવાલ, ડૉ.અરૂણકુમાર કેડિયાનું શાલ, શ્રીફલથી બહુમાન અને સંપૂર્ણ મેડિકલ સ્ટાફ ટીમનું બહુમાન કરવામાં આવેલ. મહાજન પ્રમુખ શ્રી એ સક્ષિપ્ત ઉદ્‌બોધનમાં સંપૂર્ણ વ્યવસ્થામાં વિશેષ યોગદાન બદલ જયેશ કલ્યાણજી નાગડાની ખૂબ ખૂબ અનુમોદના તેમજ આભાર પ્રદર્શન સહસચિવ હિતેશ શરદભાઈ મોમાયાએ કરેલ. ડૉક્ટર અને એમની મેડિકલ સ્ટાફ ટીમ માટે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ.

કુંથુનાથ મહિલા મંડલ, રાયપુર દ્વારા શ્રી મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ-૨૦૨૫ના અંતર્ગત શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હૉલમાં 'ખેલ-ખેલ મે શ્રી મહાવીર કો પહચાનો' પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવેલ

પ્રતિયોગિતાના સિનિયર ગ્રુપમાં (૧૫ થી વર્ષ ઉપર) વિજેતા પ્રથમ કુ. યુક્તિ જૈન, દ્વિતીય સૌ. ડિમ્પલ જયેશભાઈ નાગડા, તૃતીય સૌ. માન્યા પીયૂષભાઈ મૈશેરી.

જૂનિયર ગ્રુપ (૫ વર્ષથી ૧૫ વર્ષ)ના વિજેતા ચિ. કાવ્યા જયેશભાઈ નાગડા, ચિ. માયરા પિયૂષભાઈ મૈશેરી, ચિ. હનિકા પીયૂષભાઈ મૈશેરી.

# કર્ણાટકના ગદગ નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.નું ભવ્ય આગમન થયું













કર્ણાટક રાજ્યના ગદગ નગર સંઘમાં અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રીના આજ્ઞાનું વર્તીની પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નું ભવ્ય આગમન થયું. વાજતે ગાજતે નગર પ્રવેશ કરતાં સાહેબજીનું ભવ્ય રીતે સામૈયું કરાયું હતું. સંઘના શ્રાવક શ્રાવિકાએ હષોલ્લાસથી સામૈયામાં જોડાયા હતા. હાલે સાહેબજીની અત્રે સ્થિરતા રહેશે.


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી મુક્તિ જય ગુણ મંત્ર આલેખન અભિયાનમાં જોડાવવા આહવાન

શ્રી ગુણોદય મુક્તિ જય આશિષે પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણા અને માર્ગદર્શનથી સુશ્રાવિકા રેખાબેન લલિત મોમાયા સાંયરા-ચાલીસગામની પાવન સ્મૃતિમાં શ્રી મુક્તિ જયગુણ શ્રી સિધ્ધિચક્ર મંત્ર આલેખન અભિયાન તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૫ થી તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરાયું છે.

મંત્ર લેખન બુક પ્રાપ્તિ સ્થાન ૧) **લતાબેન વિકમશી,** ૨/૩૯ અનંત નિવાસ, ભાત બજાર, મસ્જિદ, મુંબઈ-૯. મો : ૯૩૨૩૯૪૪૧૧૭ ૨) **મનિષાબેન એસ.ખોના,** ફ્લેટ નં.૧૦૬, અનંત છાયા, ૩૫૩/૩, આર.બી.મહેતા માર્ગ, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ). મો : ૯૬૬૪૭૯૮૩૯૮ ૩) **દીપાબેન એમ.શાહ,** શિવજી તેજપાલ કંપાઉન્ડ, સુરજ સુપર માર્ટ પાસે, સ્ટેશન રોડ, ચાલીસગામ. મો : ૯૪૨૭૭૮૩૨૦૮ ૪) **ગીતાબેન કે. લોડાયા,** સી વિંગ, રૂમ નં.૪, છેડા રોડ, અંબિકા નગર, ડોંબિવલી (પૂર્વ). મો : ૮૦૮૨૨૭૭૩૦૪ ૫) **નેહા એમ.લાલકા,** ૪૦૩, સોહિલ એન એક્સ, આર. આર.ટી.રોડ, મુલુંડ (વેસ્ટ). સવારે ૧૧ થી ૨. મો : ૯૩૨૪૧૩૩૦૨૩ ૬) **ચેતના એચ. શાહ,** બ્લોક-૨, ૪એ, મધુબેન એપાર્ટમેન્ટ, ગજાનંદ કોલોની, એલ.આઈ.સી.બિલ્ડીંગ પાસે, રીંગ રોડ, જલગામ. મો : ૯૯૨૩૭૯૫૯૧૯

---

# શ્રી શંત્રુજય અકેડેમી આયોજિત બહેનો માટે પાંચ દિવસીય શ્રી મુક્તિ જયગુણ સંસ્કાર શિબિરનું આયોજન

શ્રી શંત્રુજ્ય અકેડેમી આયોજિત ગુણોદય મુક્તિ જય આશિષે ખાનદેશરત્ના પ.પૂ.સાધ્વીશ્રી જય દર્શિતાશ્રીજી મ.સા.ની નિશ્રમાં દેવલાલીની દિવ્ય ધરા પર શ્રી વિમલનાથ નવગ્રહ ધ્યાનાલયના પ્રાંગણમાં બહેનો માટે પાંચ દિવસીય શ્રી મુક્તિ જય ગુણ સંસ્કાર શિબિરનું આયોજન તા.૭ મે થી ૧૧ મે સુધી કરાયું છે. જેમાં ૧૫ થી ૩૦ વર્ષની બહેનો-યુવતી-મહિલાઓ વહેલા તે પહેલાને ધોરણે મર્યાદિત સંખ્યામાં નામ લેવામાં આવશે. જે માટેના નામ શ્રીમતી દિપ્તી શાહ-૯૮૭૦૨૬૫૪૬૬ ઉપર તા.૧૦ એપ્રિલ પહેલાં લખાવવા સાથે રૂા.૫૦૦ રીફંડેબલ ડિપોઝીટ જી-પેથી કરવા.

શિબિરમાં યોગ, મેડિટેશન, પૂજા, ભક્તિ, વાર્તા, ગેમ્સ, સામાયિક, પ્રતિક્રમણ સાથે ભોજન મિટીંગ અને ચેટિંગ સાથે જૈન ધર્મજ્ઞાન, મન શાંતિનો રાહ, કર્મની થિયરી, પાપ અને પુણ્ય વિષે, મારી વિજય યાત્રા સાથે સાથે સૂત્રના અર્થ વિષેનું જ્ઞાન સમજ જાણવા મળશે. ૧) સર્વે શિબિરાર્થીઓએ તા.૬મે ના સાંજના ૫ વાગ્યા સુધી શ્રી અનંત આરોગ્ય નિધિમાં પહોંચી જવું. ૨) સર્વે શિબિરાર્થીઓએ પૂજાના એવમ સામાયિકના વસ્ત્ર તથા ઉપકરણ લાવવા ૩) શિબિરનું સમાપન રવિવાર તા.૧૧ના બપોરે ૨ થી ૫ સમય દરમ્યાન સ્થાનિક નાસિક દેવલાલીની બધી બહેનો ભાગ લઈ શકશે. શિબિર સ્થળ શ્રી અનંત આરોગ્ય નિધિ સેનિટોરિયમ, સૌભાગ્ય નગર, જકાત નાકા નં.૬ની ગલીમાં, દેવલાલી.

---

# શ્રી પરજાઉ પાંજરાપોળમાં ૪૦ મણ નીલી મકાઈનું નિરણ અપાયું

તા.૫ એપ્રિલ શનિવાર રોજે પરજાઉ નગરે શ્રીચંદ્રપ્રભસ્વામી અને શ્રી વાછરાદાદાની અસીમ કૃપાથી અબોલા અનાધાર જીવોને જીવદયા રૂપે શ્રીએની ગમા જૈન સંઘ વાડી દ્વારા પરજાઉની પાંજરાપોળમાં ૪૦ મણ નીલી મકાઈનું નિરણ કરાયું. આ જીવદયા કાર્ય માટે શ્રી કચ્છ પરજાઉ ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા દાતાની અનુમોદના કરાઈ.

---


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# હાર્દિક અભિનંદન





## પરમ આદરણીય વડીલ
## શ્રી ભરતભાઈ ભાણજી દેવજી ખોના
### હુબલી (કચ્છ-તેરા)

**તમારા પ્રેરણાદાયી નેતૃત્વ અને સમર્પણને અમારા હૃદયપૂર્વકના અભિનંદન!**

૧૯૭૫ થી ૨૦૨૫ સુધીના તમારા વિઝનરી નેતૃત્વના આ અર્ધ શતાબ્દીના અવસરે, અમે સમસ્ત જુના કચ્છી હાઉસ A/B Wing, જય ચામરાજ નગર, હુબલીના રહેવાસીઓ તમને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

તમે ભર યુવાનીમાં શ્રી. ક.દ.ઓ. જૈન મહાજનશ્રીની બાગડોર સંભાળીને જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે અવિરત પ્રયત્નો કર્યા છે. તમારા પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ જ્ઞાતિએ અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તમે માત્ર એક પ્રમુખ જ નહીં, પરંતુ એક દૂરંદેશી નેતા છો. તમારા માર્ગદર્શન હેઠળ, જ્ઞાતિએ વિકાસના નવા શિખરો સર કર્યા છે. તમારા નિઃસ્વાર્થ પ્રયત્નો અને અથાગ મહેનતના કારણે જ્ઞાતિ આજે એક મજબૂત અને એકતાપૂર્ણ સમુદાય તરીકે ઊભી છે.

તમે હંમેશા જ્ઞાતિના હિતને સર્વોપરી રાખ્યું છે. તમારા નેતૃત્વમાં જ્ઞાતિના દરેક સભ્યને સમાન તક મળી છે. તમે જ્ઞાતિના દરેક સભ્યને સાથે રાખીને ચાલ્યા છો, અને તેમના સુખ-દુઃખમાં સહભાગી બન્યા છો. તમારી નિષ્ઠા, સમર્પણ અને દૂરંદેશીતાએ અમને સૌને પ્રેરણા પૂરી પાડી છે. તમે અમારા માટે એક રોલ મોડેલ છો.

અમે તમારા જેવા નેતા પામીને ગર્વ અનુભવીએ છીએ.

પરમ કૃપાળુ પરમાત્મા દાદાશ્રી અજિતનાથ આપશ્રીને તંદુરસ્તમય દીર્ઘાયુષ્ય બક્ષે એવી અમારી પ્રાર્થના છે.

લી. જૂના કચ્છી હાઉસ A/B Wing,
જય ચામરાજ નગર, હુબલી ના રહેવાસીઓ.

**સૌજન્યઃ**

**સ્વ. કલ્પનાબેન પ્રફુલ તેજપાર મોતા-હુબલી**
**સ્વ. વિમલા બેન/સુમિત્રાબેન શાંતિલાલ લાલકા-હુબલી**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૩ થી તા. ૧૩ એપ્રિલ ૨૦૨૫ | સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |
| તા. ૬ એપ્રિલ ૨૦૨૫ | શ્રી લોડાયા પરિવાર સચ્ચાઇ માતાજી ભાવિક મંડળ, હૈદરાબાદ : કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડી : સવારે ૯.૦૦ ક. થીઃ કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ. |
| તા. ૬ એપિલ થી તા. ૩૧ મે ૨૦૨૫ | ગદગ સ્થિત જીવન સંધ્યા સુખાલયમા સુખોત્સવ ઉજવણી |
| તા. ૯ અને ૧૦ એપ્રિલ ૨૦૨૫ | નલિયા ગામમાં બિરાજમાન ધરમશી કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા પરીવારોની પહેડી તથા શ્રી પુડશા દાદાના ભુવા શ્રી ની ગન્ધી બદલી કાર્યક્રમ |
| તા. ૧૦ થી ૧૨ એપ્રિલ ૨૦૨૫ | લાલપુરમાં શ્રી ભલારા દાદા દેવસ્થાને ધ્વજારોહણ સહિત ચૈત્રી મહોત્સવઃ ચૈત્ર સુદ તેરસ થી પુનમ. |
| તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ | વારાપધરમાં બિરાજમાન શ્રી દાદા ભલારા દેવસ્થાનના ભોઇ મા ના બાના (ગંધી) બદલી પ્રસંગ. ચૈત્રી પુનમ. |
| તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ | શ્રી ભલારા દાદા ભક્તિ મંડળ, હૈદરાબાદઃ શ્રી ભલારા દાદાનો સમુહ પાઠઃ સાંજે ૬.૦૦ ક. : કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ : લાભાર્થીઃ મા. રાજબાઇ પદમશી ખીમજી મોતા પરીવાર હ. ગીરીશભાઇ પરીવાર |
| તા. ૧૭ અને ૧૮ એપ્રિલ ૨૦૨૫ | શ્રી ભલારા દાદા દેવસ્થાનક કચ્છ રવા ગામમાં પુનઃ પ્રતિષ્ઠા બાદ તૃતીય ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૨૧ એપ્રિલ ૨૦૨૫ | વાંકુ ગામમાં બિરાજમાન વાંકુ, સાંયરા તથા જખૌના સોની પરિવારનાં કુળદેવી શ્રી અંબે માતાજીનો વાર્ષિક પાટોત્સવ (ધ્વજા આરોહણ) તેમજ માતાજીનાં ભુવાજીની ગંધી બદલવાનો પાવન પ્રસંગ |
| તા. ૨૭ એપ્રિલ ૨૦૨૫ | શ્રી વારાપધર તીર્થ દેરાસરના જિર્ણોદ્ધાર બાદ પુનઃ પ્રતિષ્ઠા તેમજ વિવિધ પુજન ના ચડાવા : શ્રી મેવાડ કેશરી હોલ, ભાડુંપઃ સવારે ૭.૦૦ ક. થી |
| તા. ૩૦ એપ્રિલ ૨૦૨૫ | શ્રી વિમલનાથજી દેરાસર, બાગલકોટઃ અઢાર અભિષેક સહ ૧૯મો ધ્વજારોહણ મહોત્સવ |

## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
## મેડિકલ સમિતિ



# કેડીઓ સંજીવની

## માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

### સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડૉ. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હિરાબેન મોતા**
તા.૩૦ માર્ચ (ઉ.૭૯)
કુવાપધર-ગોરેગામ




**નિર્મળાબેન લોડાયા**
તા.૩૧ માર્ચ (ઉ.૮૦)
વારાપધર-ચાલીસગામ



**અભયભાઈ ડાઘા**
તા.૩૧ માર્ચ (ઉ.૫૫)
વરાડીયા-ભાંડુપ



**કસ્તુરીબાઈ નાગડા**
તા.૧ એપ્રિલ (ઉ.૮૪)
તેરા-ગાંધીધામ



**નલીનભાઈ મોતા**
તા.૩ એપ્રિલ (ઉ.૭૪)
નલીયા-ગદગ



**પુષ્પાબેન લુઢિયા**
તા.૪ એપ્રિલ
રાયધણજર-રાયપુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● અગાઉ ઝડપાયેલી બાંગલાદેશી મહિલાની સજા પૂર્ણ થયાં બાદ પરત બાંગલાદેશ મોકલવા છતાં ફરીવાર ગેરકાયદેસર ભારતમાં આવી માધાપરમાં રહી સહઆરોપીની પત્ની તરીકે ખોટા ભારતીય દસ્તાવેજો જેવા કે આધારકાર્ડ, પેનકાર્ડ, ઈ-શ્રમ કાર્ડ બનાવી ગેરકાયદેસર વસવાટ કરનારી બાંગલાદેશી મહિલા તથા સહઆરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી પોલીસે કરી છે. ૩૩ વર્ષની મૂળ બાંગલાદેશી ફાતિમા અખતર ઉર્ફે ફાતિમા હબીબ ચૌધરી તથા મૂળ કોટડી તા.ભુજના લતીફ ફકીર મહમદ ખલીફા વિરૂધ્ધ ગુનો નોંધવું છે.

● સૌરાષ્ટ્ર-કચ્છની પ્રથમ પંચતારક હોટલ રેડીશન કંડલાએ પ્રતિષ્ઠિત કેટેગરી અપગ્રેડ થયા પછી પ્રવાસીઓને નવું સ્તર પ્રદાન કરવા માટે નવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. પાંચ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલા નવા સ્પામાં આંતરરાષ્ટ્રીય થેરાપી સાથે વિશિષ્ટ આયુર્વેદિક ઉપચારો જેવા કે પંચકર્મ, શિરોધારા, હોટસ્ટોન થેરાપી જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. રિસોર્ટમાં ૧૬૧ રૂમ છે. જેમાં ૧૧૭ રૂમ અને ૪૪ વિલા છે. ૩ હજાર ફૂટ અને ૧૦ હજાર ફૂટના બેન્કવેટ હોલ, ત્રણ મિટીંગ હોલ અને બે વિશાળ પાર્ટી પ્લોટ છે. જેમાં પાંચ હજાર લોકોને સમાવી શકાય છે.

● એક સમયે અપુરતા વરસાદને લીધે કચ્છની ગણના દુકાળિયા મુલક તરીકે થતી હતી. પણ હવે જળવાયુના પરિવર્તનની એક સકારાત્ભમક અસરના ભાગરૂપે વરસાદ વરસવાનું પ્રમાણ વધ્યું છે. જેથી હવે જિલ્લો પાણીદાર મુલક બન્યો છે. વિતેલા દાયકા દરમ્યાન જંગલ વિસ્તારમાં નોંધપાત્ર ચડાવ ઉતાર જોવા મળ્યો છે. જે રણ વિસ્તાર ધરાવતા જિલ્લા માટે સારી બાબત છે. દસ વર્ષ અગાઉ જંગલ વિસ્તાર ૫૫૯૮ કિ.મી. જેટલો હતો જે હાલે અનામત, રક્ષિત અને અવર્ગીકૃત મળી ૫૬૩૧ કિ.મી. વન વિસ્તાર નોંધ થઈ છે.

● અંજાર તાલુકાના નાની નાગલપર ગામના ગૌ પ્રેમી કિસાન મેઘજીભાઈ રવજી હીરાણીના દીકરી દિપીકા અને પુત્ર રાહુલના લગ્નની કંકોતરી, માંડવો, ચોરી, મંડપ, તોરણ, શણગાર, સજાવટ બધું ગોબર નિર્મિત બનાવ્યું હતું. પોતાની વાડીમાં સંતાનોના લગ્ન માટે નીલકંઠ ગૌ વિજ્ઞાન કેન્દ્રના સ્થાપક મેઘજીભાઈ હીરાણી જાનૈયાઓ માટે ગોબરના લિંપણથી કુદરતી જાજમ તથા કન્યાદાન રૂપે ગાયનું દાન આપ્યું. આ અનોખા અને નવતર પ્રકારના ગૌમય લગ્નની તૈયારીઓ પરિવાર છેલ્લા પાંચ મહિનાથી કરી રહ્યો હતો. વિવિધ ૧૦૮ પ્રકારના વૃક્ષોના રોપા પણ કુદરતી કરિયાવર તરીકે વેવાઈને વહાલભેર ભેટ ધર્યા હતા.

● કચ્છમાં જૈન સાધુ સાધ્વીજીઓને વિહાર દરમ્યાન સલામતી છત્ર પૂરું પાડવાની લાંબા સમયથી વર્તાઈ રહેલ જરૂરતના મુદ્દાને જૈન યુથ ફોરમ-જેવાયએફ દ્વારા ઉપાડી લેવાયો છે. આ અંગે પશ્ચિમ કચ્છના પોલીસવડાને લેખિતમાં રજૂઆત કરાઈ હતી. આ રજૂઆતને પગલે પોલીસ વડા વિકાસ સુંડાએ જૈન સંતોને તેમના વિહાર દરમ્યાન જરૂરત જણાય ત્યારે સલામતી વ્યવસ્થા પૂરી પાડવાના મૌખિક આદેશ આપ્યા છે. કચ્છના અંતરિયાળ ગામો અને વિસ્તારોમાં વિહાર કરતા જૈન સંતો જ્યારે પગપાળા વિહાર કરતાં હોય છે. ત્યારે તેમની સામે અકસ્માત અને અન્ય જોખમો ઊભા થતાં રહે છે. વિહાર દરમ્યાન મોટી સંખ્યામાં લોકો ઊમટી પડતાં ઘણી વખત ભીડને કાબૂ કરવાની જરૂરત ઊભી થતી રહે છે. વિહાર દરમ્યાન અસમાજિક તત્વો સંતો અને સાથે રહેલા શ્રાવકોની કનડગત કરતાં હોય છે. વિહારની સાથે મોટી શોભાયાત્રા નીકળતી હોય છે. ત્યારે ટ્રાફિક સહિતની સમસ્યા ઊભી થતી રહે છે એ પ્રકારની રજૂઆત થઈ હતી.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA